દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
મંગળવાર ૨૮ એપ્રિલ, ૨૦૨૬

# ફોકલેન્ડ ટાપુના મામલે અમેરિકા હવે આર્જેન્ટિનાને ટેકો આપશે?

આમ તો નાટો સંગઠન સાથે અમેરિકી પ્રમુખ ટ્રમ્પને લાંબા સમયથી તંગદીલી ચાલી રહી છે અને તેમાં પણ હાલના ઇરાન યુદ્ધ વખતે નાટોના અન્ય સભ્ય દેશોએ અમેરિકાને સાથ નહીં આપતા ટ્રમ્પ વધુ ગિન્નાયા. નાટો દેશોમાં પણ ખાસ કરીને તેઓ બ્રિટન અને સ્પેનથી વધુ નારાજ જણાય છે. હાલમાં બ્રિટન અને સ્પેને NATO સંબંધિત એક અમેરિકન રિપોર્ટ પર વાંધો ઉઠાવ્યો છે. આ રિપોર્ટમાં કહેવામાં આવ્યું હતું કે ટ્રમ્પ સરકાર આ બંને દેશોને સજા આપવા પર વિચાર કરી રહી છે. તેનું કારણ ઈરાન સામેના યુદ્ધમાં અમેરિકાને ખુલ્લેઆમ સાથ ન આપવાનું છે. એક અહેવાલ મુજબ, અમેરિકી સંરક્ષણ મંત્રાલય એટલે કે પેન્ટાગોનની અંદર અધિકારીઓ વચ્ચે એક ઈમેલ દ્વારા વાતચીત થઈ હતી, જેમાં અલગ-અલગ સંભવિત પગલાંઓ પર વિચાર કરવામાં આવી રહ્યો હતો. જેમ કે વિરોધી માનવામાં આવતા દેશોને NATO ના મહત્વના હોદ્દા પરથી હટાવવા, સ્પેન જેવા દેશની ગઠબંધનમાં ભૂમિકા મર્યાદિત કરવી અને બ્રિટનના ફોકલેન્ડ ટાપુ પરના દાવા અંગે અમેરિકાની નીતિની સમીક્ષા કરવી. જોકે, પેન્ટાગોને આ ઈમેલ પર કોઈ સત્તાવાર પ્રતિક્રિયા આપી નથી અને આ ઈમેલ જાહેર રીતે સામે પણ આવ્યો નથી. પરંતુ આ બાબત પશ્ચિમી જગતના ભૂરાજકીય માહોલની રીતે ગંભીર તો ગણી શકાય. ફોકલેન્ડ ટાપુઓ પર બ્રિટનના દાવાને અમેરિકા ટેકો આપતું આવ્યું છે અને પછી તટસ્થ રહ્યું છે પણ હવે ટ્રમ્પ તે અભિગમ બદલી નાખવા માગે છે.

આમ પણ ઈરાન પર હુમલા પછીથી ટ્રમ્પ અને બ્રિટિશ વડાપ્રધાન સ્ટાર્મર વચ્ચે તણાવ જોવા મળી રહ્યો છે. શરૂઆતમાં બ્રિટને અમેરિકાને તેના એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપી ન હતી. બાદમાં ઈરાનની વળતી કાર્યવાહી પછી બ્રિટને કેટલાક એરબેઝનો ઉપયોગ કરવાની મંજૂરી આપી, જેથી હોર્મુઝ અથવા બ્રિટિશ ઠેકાણાઓ માટે જોખમ ઊભું કરનારા ઈરાની ઠેકાણાઓ પર હુમલો કરી શકાય. જો કે, ટ્રમ્પ તેનાથી ખુશ થયા નહોતા. તેમણે બ્રિટન વિરોધી વલણ ચાલુ રાખ્યું છે. હવે તેઓ ફોકલેન્ડ ટાપુઓ બાબતે લેટિન અમેરિકન દેશ આર્જેન્ટિનાનો પક્ષ લેવાની વિચારણા કરી રહ્યા છે. આર્જેન્ટિનામાં આ સમાચારને લઈને ખુશીનો માહોલ છે. સરકારના પ્રવક્તા જેવિયર લાનારીએ કહ્યું કે તેમનો દેશ 'માલ્વિનાસ' ને પાછું મેળવવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યો છે. આર્જેન્ટિનાના રાષ્ટ્રપતિ જેવિયર મિલી ટ્રમ્પના નજીકના માનવામાં આવે છે અને તેમણે પણ કહ્યું કે આ મુદ્દે કોઈ સમજૂતી કરવામાં આવશે નહીં. આમ પણ લેટિન અમેરિકામાં હાલમાં આર્જેન્ટિના અમેરિકાનો મહત્વનો સમર્થક દેશ રહ્યો છે. બ્રાઝિલના પ્રમુખ લુલા ડી સિલ્વા અમેરિકાના વર્તમાન પ્રશાસનના સખત વિરોધી છે. લેટિન અમેરિકાના અનેક નાના દેશો સાથે અમેરિકાના ટ્રમ્પ પ્રશાસનને અણબનાવ છે ત્યારે હવે ટ્રમ્પ આર્જેન્ટિનાને મદદ કરીને એક કાંકરે અનેક પક્ષીઓ મારવાનું વિચારતા હોઇ શકે છે.

ફોકલેન્ડ ટાપુનો મામલો બ્રિટન અને આર્જેન્ટિના બંને માટે ઘણો મોટો મુદ્દો છે અને બંને દેશો તેના પર દાવો કરે છે. આર્જેન્ટિના આ ટાપુને 'માલ્વિનાસ' કહે છે. ફોકલેન્ડ દક્ષિણ એટલાન્ટિક મહાસાગરમાં આવેલું છે અને તે આર્જેન્ટિનાથી માત્ર 500 કિમી દૂર છે, જ્યારે બ્રિટનથી તે 13,000 કિમી દૂર સ્થિત છે. આર્જેન્ટિના ઐતિહાસિક રીતે આ ટાપુઓને પોતાના ગણાવતું આવ્યું છે કારણ કે તે તેના ભૌગોલિક વિસ્તારની નજીક છે. બીજી તરફ, બ્રિટનનું કહેવું છે કે ત્યાં રહેતા લોકો પોતાને બ્રિટિશ માને છે અને તેઓએ મતદાન દ્વારા પણ બ્રિટન સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી છે, તેથી તે તેનો પ્રદેશ છે. 1982માં આર્જેન્ટિનાએ આ ટાપુઓ પર કબજો કર્યો હતો, જેના પછી બ્રિટનના તત્કાલીન વડાપ્રધાન માર્ગરેટ થેચરે સેના મોકલીને માત્ર 10 અઠવાડિયામાં તેને પાછા મેળવ્યા હતા. આર્જેન્ટિનાના શરણાગતિ પહેલા આ યુદ્ધમાં લગભગ 650 આર્જેન્ટિનાના સૈનિકો અને 255 બ્રિટિશ સૈનિકોનાં મોત થયા હતા. ફોકલેન્ડ ટાપુઓ લાંબા સમયથી યુનાઇટેડ કિંગડમ અને આર્જેન્ટિના વચ્ચે વિવાદનું કેન્દ્ર રહ્યા છે. યુકે 1833 થી આ ટાપુઓ પર સતત વહીવટ કરી રહ્યું છે, જ્યારે બીજી તરફ આર્જેન્ટિના તેને સ્પેન પાસેથી મળેલા ઐતિહાસિક વારસાનો ભાગ ગણાવી પોતાનો દાવો રજૂ કરે છે. આ વિવાદના મૂળ 19મી સદીમાં રહેલા છે. આર્જેન્ટિનાના મતે, 1833 માં બ્રિટિશરોએ તેમના વસાહતીઓને ત્યાંથી હાંકી કાઢ્યા હતા, જે કૃત્ય સંપૂર્ણપણે ગેરકાયદેસર હતું. આથી જ આર્જેન્ટિના આ ટાપુઓને પોતાના પ્રદેશ તરીકે જુએ છે. તેની સામે, બ્રિટિશ સરકાર પોતાની સાર્વભૌમત્વ પાછળ બે મુખ્ય કારણો રજૂ કરે છેપ્રિથમ, 1833થી તેમનો અવિરત વહીવટ અને બીજું, ત્યાંના સ્થાનિક લોકોની ઈચ્છા. આ સંઘર્ષે 1982 માં હિંસક વળાંક લીધો જ્યારે 2 એપ્રિલના રોજ આર્જેન્ટિનાના દળોએ ટાપુઓ પર આક્રમણ કર્યું. આના જવાબમાં શરૂ થયેલું 74 દિવસનું યુદ્ધ 14 જૂન, 1982 ના રોજ આર્જેન્ટિનાના શરણાગતિ સાથે સમાપ્ત થયું. વર્તમાન સમયમાં ફોકલેન્ડ ટાપુઓ એક 'સ્વ-શાસિત બ્રિટિશ ઓવરસીઝ ટેરિટરી' તરીકે ઓળખાય છે. 2013 માં લેવામાં આવેલા એક મહત્વપૂર્ણ લોકશાહી જનમતમાં, ટાપુના 99.8% રહેવાસીઓએ બ્રિટિશ શાસન હેઠળ જ રહેવાની તરફેણમાં મતદાન કર્યું હતું. આ આંકડો સ્પષ્ટપણે દર્શાવે છે કે ટાપુવાસીઓ બ્રિટિશ શાસન સાથે જોડાયેલા રહેવા માંગે છે. આમાં બ્રિટનની સમૃદ્ધિ અને મહાસત્તા તરીકેના દરજ્જા તરફનું ખેંચાણ પણ ભાગ ભજવી ગયો હોઇ શકે છે. બ્રિટિશ વિજય અને સ્થાનિક લોકોના સમર્થન છતાં, આ વિવાદ હજુ સંપૂર્ણપણે શમ્યો નથી. આર્જેન્ટિના આજે પણ આ ટાપુઓ પર પોતાનો દાવો ચાલુ રાખે છે અને વર્તમાન સ્થિતિને વસાહતી ગણાવીને તેનો વિરોધ કરે છે. હવે અમેરિકાનો ટેકો મળતા આર્જેન્ટિનાનું જોર વધી શકે છે અને આ મામલે બ્રિટનની સ્થિતિ નબળી બની શકે છે.

## ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### એસ.એમ.સી. ની ત્રીજી શ્રેણી કલાર્ક ભરતી

2016માં એસ.એમ.સી. દ્વારા ત્રીજી શ્રેણી કલાર્કની ભરતી જાહેરાત બહાર પાડી હતી પછી 10 વર્ષ બાદ આ જાહેરાત પ્રસિધ્ધ થઈ છે પરંતુ આ જાહેરાત બહાર પાડતાં પહેલાં આ અંગેનો સત્તાધીશો દ્વારા કોઈ સૂક્ષ્મ અભ્યાસ કરવામાં આવ્યો જ નથી. કારણ કે 2016ની બધી ટર્મ કન્ડીશન કોપી પેસ્ટ કરી છે. સામાન્ય રીતે 10 વર્ષપછી જાહેરાત બહાર પાડે તો પ્રથમ તો ઉંમરમર્યાદામાં 5 થી 7 વર્ષનો વધારો કરવો જોઈએ. બીજું કે કુલ 717 જગ્યામાંથી જનરલ કેટેગરીનાં ઉમેદવારોને માત્ર 198 જગ્યા ફાળવી છે જે પૂરેપૂરો અન્યાય અને અયોગ્ય નીતિનાં દર્શન થાય છે. આ અંગે સત્તાધીશોએ ફરી વિચારી સુધારા સાથે નોટીફીકેશન બહાર પાડવું તેમની જવાબદારી ફરજ છે.

**સુરત - રાજુ રાવલ**

### યુધ્ધ એક કરૂણતા

હાલમાં જ યુધ્ધ ચાલી રહ્યું છે તે દુનિયા માટે કપરો સમય આપવાની નિશાની છે. આધુનિક ટેકનોલોજીને લીધે વિશ્વમાં યુધ્ધની સ્થિતિ વણસી છે. આવતી કાલથી દુનિયાનું ભવિષ્ય યુવા પેઢી છે. જો યુવાનો એક પળ એક યુધ્ધમાં હોમાતા જશે અને શહીદ થતા રહેશે તો ભવિષ્યમાં શાંતિનો ચહેરો ભૂંસાતો જશે. આ બધા દેશો વચ્ચે રાજકારણ છે. અહંકાર છે અને શકિત પ્રદર્શન છે પરંતુ આ બધાની વચ્ચે ખોવાયું છે એ છે સામાન્ય માણસનું જીવન. એક તરફ મિસાઈલ તો બીજી તરફ પ્રાર્થના છે. એક તરફ બોંબ છે તો બીજી તરફ માતા બેનોની આંખમાંથી વહેતો અશ્રુધોધ છે. આપણે તો ફકત ભગવાનને પ્રાર્થના જ કરી શકીએ કે હવે આ યુધ્ધનો અંત લાવે અને વિશ્વ આખુ શાંતિથી સહકારથી જીવે. યુધ્ધથી ખાનાખરાબી અને તારાજી સિવાય કશું જ મળવાનું નથી. વળી પ્રજાની હેરાગતિમાં ઉમેરો થશે. દરેક વસ્તુના અભાવો અને ભાવવધારાથી વિશેષ કાંઇ નથી મળવાનું.

**સુરત - શીલા સુભાષ ભટ્ટ**

### લીડર જે હોય નીડર

કુટુંબ, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વને વિકાસના પંથે દોરી જનાર નેતા નીડર હોય એ અત્યંત જરૂરી છે. આત્મશ્રદ્ધા અને ઈશશ્રદ્ધાથી ભરપૂર એવા લીડરને અનુસરવા માનવ મહેરામણનું પૂર આવે એ સહજ છે.

જ્ઞાનવર્ધક સાહિત્યરસના સીંચનથી સ્વયંને સજ્જ કરનાર લીડર જયારે નેતૃત્વ પૂરું પાડે ત્યારે તેનો ચિરંજીવ પ્રભાવ સમગ્ર વિશ્વ ઉપર પડયા વિના રહેતો નથી. એટલું જ નહિ, એક સફળ લીડર દીર્ઘદ્રષ્ટા હોઈ પોતાના જેવા કેટલાંયે કાર્યદક્ષ અને કુશળ નેતાઓનું નિર્માણ કરી વિશ્વને અમૂલ્ય યોગદાન આપ્યા બાદ પૃથ્વી ઉપરથી વિદાય લે છે કે જેથી આવનારી ભાવિ પેઢીઓને માર્ગદર્શન મળતું રહે.

**સુરત - દિપ્તી ટેલર**

### પાખંડી

વ્યક્તિનું આચરણ સારું હોય અથવા ખરાબ હોય શકે. સારું આચરણ એટલે સદાચાર અને ખરાબ આચરણ એટલે દંભી, ઢોંગી કે પાંખડી આચરણ. આચરણ એટલે વ્યવહારમાં મૂકવાપણું. વ્યક્તિનું વર્તન એટલે કે વર્તણૂકની શુદ્ધિ, સફાઈ, વ્યવહારની રીત, રીતભાત અને ચાલચલગત સારી એ સદવર્તન, સારી વર્તણૂક. વેદાદિ શાસ્ત્રોમાં નક્કી કર્યા મુજબ સાત્ત્વિક જીવનવ્યવહાર એટલે જ સારો આચાર, શિષ્ટ પુરુષોના આચાર. કોઈપણ વ્યક્તિનું ચરિત્ર તેના જીવન વ્યવહારમાંથી ઉજાગર થાય છે. પેલો બગલો ખોરાક મેળવવા એક પગે ઊભો રહી ઢોંગી બની શિકાર કરે તે સૌને ખબર છે. પાંખડીઓ અહંકારી અને અભિમાની હોય પોતાની વિરોધ કરનાર સાથે ખરાબ રીતે વ્યવહાર કરે છે. તેમનું અનુષ્ઠાન અને અમલમાં કોઈ સત્યતા હોતી નથી. તેઓ સીધા લોકો સાથે છેતરપિંડી કરે છે. તેમના દિલોદિમાગમાં આભ-જમીનનું અંતર જોવા મળે છે. આવા દંભીઓથી ચેતીને ચાલનાર નર સદા સુખી, બાકી બધા દુ:ખી! કારણ, આજે દાંભિક આચરણ કરનારાઓ સંખ્યાબંધ જોવા મળે છે. સદાચાર સૌને ગમે છે. શિષ્ટાચાર, સારો આચાર અંગે પૂજ્ય મહાત્મા ગાંધીજી લખે છે કે, " જગત કાંઈ બુદ્ધિથી ચાલતું નથી, હૃદયથી ચાલે છે. આ જગતમાં બુદ્ધિ રાજ્ય નહીં કરે પણ આત્મા રાજ્ય કરશે એટલે સદાચાર રાજ્ય કરશે. અત્યારે સદાચાર નથી એમ હું કહેવા માગતો નથી, પણ અહીં હું સદાચાર ખાસ અર્થમાં વાપરું છું. સદાચાર એટલે ધર્માચાર." ચાલો, શ્રી ગણેશ કરી, વ્યવહારમાં સદાચારનું અનુષ્ઠાન કરીએ. અધિકારો સામે ફરજ પણ નિભાવીએ. પાખંડી,દાંભિક આચરણને દેશવટો આપીએ. દેશના વિકાસમાં યોગદાન આપીએ.

**નવસારી - કિશોર આર. ટંડેલ**

### પ્રજા હવે ક્યાં નેતા પર વિશ્વાસ કરશે?

બહુ ગાજેલા અને પ્રજાના હૈયે વસી જનારા આમ આદમી પાર્ટી ના સાંસદ રાઘવ ચઢ્ઢા અચાનક જ પોતાના રાજ્ય સભાના છ સાંસદોને લઈને ભાજપમાં જોડાઈ જતા લોકોને આશ્ચર્ય સાથે આઘાત પણ લાગ્યો છે રાઘવ ચઢ્ઢા ભાજપને ગુંડાઓનો પક્ષ કહેતા હતા અને હવે તેઓ જ ભાજપમાં જોડાઈ જતા તેમની નૈતિકતા પર સવાલ ઉઠે તે વ્યાજબી છે એરપોર્ટ પર ખાદ્ય સામગ્રીના વધુ લેવાતા ભાવ હોય કે રોડ ટેક્સ કે મોબાઈલના મહિનાના બદલે 28 દિવસનો ચાર્જ વસૂલ કરતા હોય તેઓની સામે તેઓએ આંદોલન ઉપાડ્યું હતું પરંતુ એવું તો શું થયું કે રાઘવ ચઢ્ઢા ને રાજ્ય સભાના ડેપ્યુટી લીડર તરીકે હટાવવામાં આવ્યા તેથી રાઘવ ચઢ્ઢા ભાજપમાં જોડાઈ ગયા ? કે પહેલેથી પ્લાન હતો? પ્રજાહિતના કામ માટે મોટી મોટી વાતો કરનારા રાઘવ ચઢ્ઢા જેવા નેતા અચાનક જ પક્ષ પલટો કરી લોકોને આઘાત પહોંચાડે છે! પ્રજા હવે ક્યાં નેતા પર વિશ્વાસ કરશે?નખશિખ પ્રમાણિક દેખાતા રાઘવ ચઢ્ઢા એ પણ પોતાનું પોત પ્રકાશ્યું તે આઘાતજનક છે

**સુરત - વિજય તુઈવાલા**

### શિક્ષક શિક્ષણનો શિલ્પી કે સરકારી કામનો 'મલ્ટીટાસ્કર'?

પ્રવર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા વર્ગખંડ કરતાં વધુ સરકારી કામોમાં જોવા મળે છે. BLO ફરજ, મતદાર યાદી સુધારણા, વસ્તી ગણતરી અને બાકી રહ્યું હતું ત્યાં હવે તો કૂતરા ગણતરી જેવી કામગીરી પણ શિક્ષકોને સોંપવામાં આવે છે. કેટલીક સરકારી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં મુલાકાત દરમિયાન જાણવા મળ્યું કે શિક્ષકોનો અંદાજે ૩૦% થી ૪૦% સમય આવી બિન શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં જ વીતે છે. પરિણામે અઠવાડિયામાં ૨-૩ દિવસ શૈક્ષણિક કાર્ય સીધું અસરગ્રસ્ત બને છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે શું સરકાર શિક્ષકોને 'મલ્ટીટાસ્કિંગ કર્મચારી' ગણે છે?

જો શિક્ષક ફોર્મ ભરવામાં, યાદીઓ સુધારવામાં અને ગણતરીમાં જ વ્યસ્ત રહેશે, તો બાળકોમાં જ્ઞાનનો વિકાસ કોણ કરશે? વધુ ચિંતાજનક બાબત એ છે કે સમાજ પણ આ મુદ્દે મૌન રહીને જાણે આ પરિસ્થિતિને સ્વીકારી બેઠો છે. જો ખરેખર શિક્ષણની ગુણવત્તા સુધારવી હોય, તો આવી કામગીરી માટે યુવા બેરોજગારોની નિમણૂક કરવી જોઈએ. આમ કરવાથી શિક્ષકોને શિક્ષણ માટે પૂરતો સમય મળશે અને યુવાનોને રોજગારનો માર્ગ મળશે; દ્વિગુણ લાભકારી વ્યવસ્થા બની શકે. નહિ તો આવતી પેઢી 'જ્ઞાન' કરતાં 'ગણતરી અને કાગળકામ'માં વધુ નિષ્ણાત બની જશે, અને શિક્ષણ માત્ર આંકડાઓમાં જ સીમિત રહી જશે.

**સુરત - પ્રા. સાગર અનિલભાઈ ગાંધી**

## જીવનનું સૌથી મોટું રિસ્ક

**ચાર્જિંગ પોઈન્ટ**
**હેતા ભૂષણ**

'લાઈફ ઇસ રિસ્ક. જીવન જોખમોથી ભરેલું છે. કંઈ પણ નવી શરૂઆત કરવામાં તેમાં નિષ્ફળ જવાનો ભય અને નુકસાન જવાનો ખતરો રહેલો જ છે.' સ્પીકરે જણાવ્યું અને કહ્યું, 'આજે આપણે જીવનમાં બધાં જોખમો વિષે તો વાત કરીશું અને હું તમને જણાવીશ કે જીવનમાં સૌથી મોટું જોખમ કયું છે અને તેનાથી તો હંમેશા ચેતતા રહેવું જોઈએ.'

શ્રોતાઓ સ્પીકરને સાંભળી રહ્યા હતા. સ્પીકરે આગળ કહ્યું, 'તમારા મનમાં રહેલા જીવનનાં ત્રણ સૌથી મોટાં જોખમો તમારી સામે રહેલી ચિઠ્ઠીમાં લખી નાખો.' બધાએ પોતાના મનમાં રમતાં જોખમો લખ્યા ...જીવનમાં અણધાર્યા મોતનું જોખમ... એકસીડન્ટ... ધંધામાં નુકસાન ... નોકરી છૂટી જવી ... ખરાબ જીવનસાથી ... અણગમતા સંબંધો ...આવાં તો કેટલાં બધાં જોખમો બધાએ લખ્યાં.

સ્પીકરે આગળ કહ્યું, 'આપણા બધાનું જીવન જોખમોથી ભરેલું છે જ અને અણધારી મુસીબતો કઈ તરફથી આવશે તેની આપણને ખબર પણ હોતી નથી અને આપણે બધા એ હકીકત પણ જાણીએ છીએ કે તમે જે લખ્યાં છે આ બધાં જોખમોની વચ્ચે જ આપણું જીવન છે અને આ બધાં દૂર કરવા આપણા હાથમાં નથી.આ જીવનનાં જોખમોથી ડરીને આપણે જીવવાનું છોડી દેતાં પણ નથી.જે જોખમો આપણે દૂર કરી શકવાના નથી તેની વાત કરવાથી તો માત્ર ડર જ વધશે એટલે તેના વિષે નહિ પણ હું તમને જીવનના સૌથી મોટા એવા જોખમની વાત કરવાનો છું, જે આપણે દૂર કરી શકીએ છીએ.' બધા શ્રોતાઓ એવું કયું જોખમ જે સૌથી 'મોટું જોખમ' છે છતાં આપણે દૂર કરી શકીએ છીએ તે વિષે જાણવા આતુર બન્યાં.સ્પીકરે કહ્યું, ' આ અણધારી જોખમોથી ભરેલી જિંદગીમાં એક જોખમ એવું છે જે આપણે બધાએ કોઇ પણ રીતે તેને જીવનમાંથી દૂર કરવું જોઈએ એ જોખમ છે કે જીવનમાં કૈંક ખરાબ થશે... નુકસાન થશે ...સફળતા નહિ મળે ...લોકો હાંસી ઉડાડશે વગેરે કાલ્પનિક કારણોથી ડરી જઈને 'કંઈ ન કરવું' જીવનનું સૌથી મોટું રિસ્ક છે. કોઇ પણ કામ કરવાની શરૂઆત જ ન કરવી.કામ શરૂ કરશો જ નહિ તો જોખમોનો સામનો નહિ કરવો પડે પણ કામ જ શરૂ નહિ કરો એમ જ બેસી રહેશો એ સૌથી મોટું જોખમ છે.જીવનમાં ઘણાં બધાં જોખમો એવાં છે જેને દૂર કરવાં આપણા હાથ બહારની વાત છે પણ કોઇ પણ કામ સાચી લગન અને મહેનતથી કરવું તે તો માત્ર આપણા હાથની જ વાત છે. તે તો આપણે કોઈ કામ ન કરીએ અને કંઈ કર્યા વિના બેસી રહીએ એ તો સૌથી મોટું જોખમ છે.' સ્પીકરે નાનકડી વાત પણ મહત્ત્વની વાત અસરકારક રીતે સમજાવી.

# ઉચ્ચ શિક્ષણમાં નવી નીતિના નામે મૂલ્યાંકન કે ધોરણોનું અવમૂલ્યન

**શિક્ષણ-સંસ્કાર**
**કાર્તિકેય ભટ્ટ**

**ઉચ્ચ શિક્ષણમાં નવા શિક્ષણના અમલમાં બે વર્ષ પૂરાં થયાં અને વ્યાવહારિક મુશ્કેલીઓ આવવા પણ માંડી**

બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરે દેશમાં બંધારણના અમલ બાદ કહ્યું હતું કે 'બંધારણ ગમે તેટલું મહાન હોય તેનો અમલ કરનારા કેવા છે તેના પર તેના પરિણામનો આધાર છે". બસ આવું જ નવી શિક્ષણ નીતિના સંદર્ભે કહી શકાય કારણ કે આમ તો શિક્ષણ નીતિ ૨૦૨૦ એ શિક્ષણ ક્ષેત્રનું નવું બંધારણ છે. આ નીતિની જાહેરાત સમયે તેના ઘણાં વખાણ થયાં હતાં પણ હવે જેમ જેમ અમલનો અનુભવ થતો જાય છે તેમ તેમ બાબાસાહેબે કહેલી વાત અહીં પણ લાગુ પડતી જાય છે.

ઉચ્ચ શિક્ષણમાં નવા શિક્ષણના અમલમાં બે વર્ષ પૂરાં થયાં અને વ્યાવહારિક મુશ્કેલીઓ આવવા પણ માંડી. એક તો ગુજરાતમાં સેમેસ્ટર પ્રથા આવી ત્યારથી શિક્ષણની ઘોર ખોદાઈ જ ગઈ છે. છ મહિનાના સત્રમાં એક મહિનો પ્રવેશમાં જાય અને માંડ બે મહિના શિક્ષણ થાય ના થાય ત્યાં પરીક્ષા આવી જાય છે અને પછી વેકેશન થાય છે. વિજ્ઞાન પ્રવાહમાં તો પ્રેક્ટીકલ પરીક્ષાનું તંત્ર એટલું લાંબુ ચાલે છે કે તે શિક્ષણના દિવસો પણ ખાઈ જાય છે. હવે આમ નવી મુશ્કેલી ઊભી થઈ છે અને તે છે નવી શિક્ષણ નીતિ અંતર્ગત આપવામાં આવેલ વિષય વૈવિધ્યની.

નવી શિક્ષણ નીતિમાં હવે આર્ટસ, કોમર્સ, સાયન્સ અને તેના જ વિષયોનું નિશ્ચિત માળખું એવું રહ્યું નથી. હવે વિભાગોની સરહદો ઓળંગીને વિદ્યાર્થી બીજા વિષયો પણ પસંદ કરી શકે છે એટલે કે ભૌતિકશાસ્ત્ર સાથે તે અભિજ્ઞાન શાકુંતલ પણ ભણી શકે છે અને વળી તમામે ભારતીય જ્ઞાન પરમ્પરાનો એક વિષય ભણવાનો છે.

એટલે હવે થયું છે એવું કે ખૂબ બધા વિષયો અને વિકલ્પોની પરીક્ષા લેવાની વ્યવસ્થા યુનિવર્સિટીએ કરવાની થાય છે અને નવા માળખામાં મૂલ્યાંકન પ્રક્રિયામાં પચાસ ટકા કોલેજ કક્ષાએ અને પચાસ ટકા મૂલ્યાંકન યુનિવર્સિટી કક્ષાથી થશે અને કોલેજ કક્ષાના મૂલ્યાંક્નમાં એસાઈનમેન્ટ, સેમીનાર, ક્વીઝ, ચર્ચા જેવી અનેકવિધ પ્રવૃત્તિ દ્વારા વિદ્યાર્થીનું સર્વગ્રાહી મૂલ્યાંક્ન થશે.

હાલમાં જે જોવામાં આવ્યું છે તેમાં હવે કેટલીક યુનિવર્સિટીએ તો મુખ્ય બે વિષયના પેપર સિવાયના લગભગ ત્રણ વિષયના ત્રણ પેપરની પરીક્ષા અને મૂલ્યાંકન કોલેજને સ્થાનિક લેવલે જ સોંપ્યું છે એટલે ત્યાં તો સો એ સો ટકા મૂલ્યાંકન કોલેજે જ કરવાનું છે.

હવે વિચારવાનો મુદ્દો એ કે બધા જ વિષયમાં પચાસ ટકા માર્ક કોલેજ કક્ષાએ આપવાના હોય અને ત્રણ પેપરમાં તો સો એ સો ટકા માર્કિંગ કોલેજ દ્વારા જ થવાનું હોય તો ગુણવત્તાના પ્રશ્નો ઉદ્ભવવાના છે. વળી ગુજરાતમાં જે રીતે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોનો રાફડો ફાટ્યો છે ત્યાં આ પ્રકારની મૂલ્યાંકન પદ્ધતિમાં ગુણવત્તાની આશા રાખવી કેટલા અંશે યોગ્ય થશે?

માત્ર લેખિત પરીક્ષા દ્વારા વિદ્યાર્થીના જ્ઞાનનું મૂલ્યાંકન કરવાની પરમ્પરાગત પદ્ધતિની અનેક મર્યાદા છે. વિદ્યાર્થીના સમગ્ર વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરવા માટે અન્ય પાસાં પણ તપાસવાં પડે. આ દૃષ્ટિએ જોવા જઈએ તો તેઓ ચર્ચામાં જોડાય,પ્રોજેક્ટ વર્ક કરે, એસૈન્મેન્ત લખે, હેતુલક્ષી પરીક્ષા આપે, ક્વીઝ, વકતૃત્વ જેવી સ્પર્ધાઓમાં ભાગ લે અને તે દ્વારા તેના સર્વાંગી વિકાસનું મૂલ્યાંકન થઈ શકે. આ વાત વાંચવામાં અને બોલવામાં ઘણી જ આકર્ષક લાગે છે પણ આ તમામના પાયામાં છે નૈતિકતા અને જવાબદારીપણું.

વાસ્તવિકતામાં તો ક્લાસ રૂમના વિદ્યાર્થીની સંખ્યા જ એટલી છે કે ના બધાના સેમીનાર લઇ શકાય, ના બધાની ક્વીઝ યોજી શકાય. દોઢસો વિદ્યાર્થીનો એક વર્ગ હોય ત્યાં બધા પાસે પ્રોજેક્ટ કરાવવો, ચર્ચાઓ યોજવી અને સતત મૂલ્યાંકન કરવું અઘરું થઈ પડે. આમાં ફાયદો કે ગેરલાભ સેલ્ફ ફાઈનાન્સ કોલેજોને

કારણ ત્યાં, સેલ્ફ ફાઈનાસ કોલેજમાં ફી ભરવા માત્રથી માર્ક મળી જાય અને ગ્રાન્ટ ઈન એઈડ કોલેજ કે સરકારી કોલેજોમાં સેલ્ફ ફાઈનાન્સના વાદે માર્કની લહાણી થાય તો ગુણવત્તાનું તો ધબો નારાયણ થાય. માટે નવી શિક્ષણ નીતિમાં અનીતિને છુટ્ટો દોર મળવાની સંભાવના વધી ગઈ છે. સરકાર વિષયો વધવા સાથે અધ્યાપકો વધારવા નથી માંગતી માટે જ મલ્ટી ડીસીપ્લાનરી, ઈન્ટર ડીસીપ્લાનરી જેવા વિષયો કોલેજ કક્ષાએ જ ભણાવાય અને પરીક્ષા પણ કોલેજ જ લે તેવા નિયમો બનવા દેવાય છે. આમ પણ વિદેશોમાં કેમ્પસ યુનિવર્સિટીમાં ઓછા વિદ્યાર્થીઓ માટે નીતિમત્તાયુક્ત શિક્ષણ નીતિ મોટી સંખ્યામાં કોલેજો અને વિદ્યાર્થીઓમાં લાગુ પડવી વ્યવહારુ બની રહી નથી એવું હાલ લાગી રહ્યું છે.

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.

# દેખ તેરે સંસારકી હાલત..!

**મંગલ મસ્તી**
**રમેશભાઈ ચાંપાનેરી 'રસમંજન'**



**પ્રેમમાં ફાવી ગયા તો હર્ષદ મહેતા, પરણી ગયા તો તારક મહેતા, નહીં તો પછી નરસિંહ મહેતા!**

મારું મગજ કોઈ શકિતપીઠ હોય એમ, વિચાર તો આજે પણ સારા જ આવે બોસ..! વિષય વાંચીને જ ખ્યાલ આવશે કે, ચમનિયાની બીજી બાજુ ધર્મ-ધુરંધરની પણ છે..! યાર, હસાવવા માટે રોજે રોજ મુદ્દા કાઢવા ક્યાંથી? ટાઈટલ વાંચીને રખે ઝબકતા કે, અમને બાવા બનાવવાનાં કે શું..? જો કે એમ પણ તમે રજવાડી વાઘા કાઢીને બાવા બનવાના તો નથી જ..!

ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રૂપ ગુણ જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિતા સમાન.!!

થયું એવું કે, કોઈ મોટરની અડફટે આવે, તો હું ગઈ કાલે એક કથાકારની અડફટે આવી ગયો. એમાં આધ્યાત્મિક વાઈબ્રેશન મગજમાં ઘુસી ગયો. 'સંગ તેવો રંગ'તો લાગે જ ને મામૂ..! એનો પણ વાંધો નહિ, પણ અડધી જીવનયાત્રા કાઢ્યા પછી આવ્યો..! મધદરિયે વહાણ હોય ને તોફાન આવે તો પામર માનવી કરી પણ શું શકે..? એના જેવું થયું..! કથાની અસર એવી થઈ કે, એ પણ ભૂલી જવાયું કે, હું તો સંસારી છું . વાઈફ અને છોકરાની રોકડી સિલ્લક છે. આડઅસર એવી થઈ કે, સ્થળ ઉપર જ ભગવાં ધારણ કરી લેવાનું ઝનૂન ઉપડ્યું..! મગજમાં હથોડા પડવા માંડેલા કે, 'જીવનમાં કોઈ કંસાર નથી. આ સંસાર અસાર છે.'પણ માયા બડી ચીજ હૈ ન..? અડધા ઓઢ્યાં ને અડધા પાથર્યાં હોય તો, સંસાર રેઢો મૂકીને બાવા પણ કેમ બનાય..? ડર લાગ્યો કે, વાઈફે 'સ્વામી..સ્વામી'ની રાડ નાંખી તો? જો કે ઝનૂન ઉપડે તો એને પણ પહોંચી વળાય..! પણ લેણદારો એટલા કે, ભગવાં પણ ફાડી નાંખે..! બાકી, કસ્સમથી કહું કે, ઝોલો ઊંચકીને ચાલતી પકડવાનું ખુન્નસ તો ચઢી જ ગયેલું .!

બાપુએ ખાતરી કરાવી દીધેલી કે, ભગવાનને કારણે જ પૃથ્વી ઉપર પાર્સલો 'ટચ' થતાં હોય છે. એની ભક્તિ પણ કરવી જોઈએ. ખૂબીની વાત એ કે, કોઇ પણ કંપની મશીનરી પાર્સલ કરે, તેની સાથે, તેનો ઉપયોગ કેવી રીતે કરવો એનું ફરફરિયું પણ આપે. ભગવાનને ત્યાં આવી સીસ્ટમ નહિ, એટલે પૃથ્વી ઉપર જઈને જેવો કાંદો કાઢવાનો હોય એવો કાઢે, એમ રમતા નાળિયેરની માફક 'નાગડા ને નાગડા'રવાના કરી દીધેલા. જા, હવે હાથ-પગ હલાવીને સંસારનો મહાસાગર તર્યા કર...! આધિ-વ્યાધિ ને ઉપાધિનાં ત્રણ 'સ્ટમ્પ'આગળ જે જીવતરનો એક નિયમ છે, જે ઊંઘતા હોય એના માટે 'જાગતે રહો'બોલવું પડે અને જે જાગે છે એના માટે 'હસતાં રહો'બોલવું પડે.. હાસ્યને ટાવર પકડવાની જરૂર નથી. જીવનમાં પ્રેમ અને હાસ્ય હોય એ જ એનું WIFI..! ને એ જ જીવતરનો ચલણી સિક્કો! એમાં ગુજરાતી એટલે પ્રેમલક્ષણા પ્રકૃતિનાં પ્રેમી. વિશ્વનાં એવાં પ્રવાસી કે, આખા વિશ્વમાં પથરાયેલાં. બારે માસ ચાલે એટલું અનાજ ભરે એમ, હાસ્ય અને પ્રેમનો પણ 'સ્ટોક' કરવાની ત્રેવડ ધરાવે. પછી હસવામાં જે કંજૂસાઈ કરે, એને ગુજરાતી થોડા કહેવાય?

ડાહ્યો બની જાય. કારણ વગરનો પણ વરસી જાય.

પ્રેમ પ્રેમ સબ કોઈ કહે, પ્રેમ ન જાને કોઈ
કોઈ જાને પ્રેમકો તો યહાં જુદા રહે ના કોઈ.

જો કે, પ્રેમના ઉભરા પણ વિવેકપૂર્ણ હોય. નહિ તો ચાહમાં ડૂબેલી બિસ્કીટને બહાર કાઢવા માટે, બીજી બિસ્કીટનો ઉપયોગ કરીએ તો તે પણ ડૂબી જાય! બાવાના બેઉ બગડે. એને 'પ્રેમરંગ ઘાતકની જવાળા'કહેવાય..! પ્રેમમાં ફાવી ગયા તો હર્ષદ મહેતા, પરણી ગયા તો તારક મહેતા, નહીં તો પછી નરસિંહ મહેતા! વગાડો કરતાલ ને ભૂલી જાવ નૈનીતાલ! નહિ જોવાનું જોવામાં આવે યાર..! નદીનો કિનારો હોય, ડુંગરાની ટોચ હોય, દરિયાનો પટ હોય કે, અવાવરુ ગલી હોય, ત્યાં પ્રેમીજનોનાં ધામા અને સરનામાં હોય! આ બધાં સ્થળો 'લીઝ'ઉપર લીધાં હોય એમ, ભમરાઓ ત્યાં ભમતા જ હોય. એ જગ્યા જ એવી કે, વગર ટાવરે WIFI પકડે! જો કે, આ બધી કુદરતી ચેષ્ટા છે. એકબીજાને પ્રેમ કરવો, એકબીજા પ્રત્યે આદર કરવો, એકબીજાની કાળજી રાખીને, 'ઈમોશનલ'જોડાણમાં રહેવું, ખોટું નથી. ગુરુત્વાકર્ષણનો નિયમ શોધનારને જો મહત્ત્વ અપાતું હોય તો, આકર્ષણને મહત્ત્વ આપવું અપરાધ નથી. એકબીજાની ભાવનાત્મક સંભાળ રાખતાં હોય તો ખોટું શું?

અમારા જમાનામાં ગુલાબનું ફૂલ આપવાની વાત તો દૂરની, કાંટાવાળું થુવારીયું પણ નહિ અપાતું. બાપાના કાને વાત ચઢી તો, સ્થળ ઉપર જ ધોઈ નાંખતા. નાવણિયા સુધી પણ નહિ જવા દે..! એ વખતે સંસ્કારની રસમ જ અલગ! ફિલમ ઉપર પણ લખાઈને આવતું કે, Only ફોર adult...! આજે તો દીકરો એક નંબરી તો બાપા દશ નંબરી પણ હોય, કહેવાય નહિ! પ્રેમિકાનાં ઘર આગળ જઈને પણ લલકારે કે, "આ જા તુઝકો પુકારે મેરા પ્યાર...! ને પેલી 'આ જા આ જા મૈ હું પ્યાર તેરા'કરીને દોડતી પણ આવે..! એના કપાળમાં કાંદા ફોડું, શરમ શબ્દને કોઈ કાનો માત્રા જ નહિ..!

અમને આવી ફાવટ નહિ અને છૂટછાટ પણ નહિ. ગળાને સાયગલ સાહેબનાં ગીતો જ ફાવતાં. બહુ બહુ તો આઝાદીનાં, ગાંધીજીનાં કે રેંટિયાવાળાં ગીત જ લલકારતાં ને ચોમાસું આવે તો, મેહુલા ગાતા. એવું નહિ ફટકારતા કે, 'મેરી સામને વાલી ખિડકીમેં એક ચાંદ સા ટુકડા રહેતા હૈ...! જો કે દિલના ખૂણામાં એકાદની જમાવટ રહેતી, પણ જાહેર નહિ કરતા..! અમારા વખતે ગામની એક એક વ્યક્તિ CCTV કેમેરા જેવી. ઘરે ફરિયાદ પહોંચે એટલે બાપા, સમજી જતા કે, ધંતુરાની ડીપોઝીટ હવે પાકવા આવી છે..!

**લાસ્ટ બોલ**

કુંભમેળા ભરાય ત્યારે
વાઈફોએ બહુ કાળજી
રાખવાની. પતિને ચચરી આવે
તેવું બોલવું નહિ. મને-કમને
પણ પતિ માટે ડબલ પાવરની
સોડા જેટલું વ્હાલ રાખવાનું.
ભરોસો નહિ, સાધુઓની
સંખ્યામાં વધારો કરી પણ
નાંખે..! મમતા કુલકર્ણી જેવી
સાધ્વી થઇ જતી હોય તો,
ધંતુરાનો શું ભરોસો..? સહેજ
વાંકુ પડે એટલે ભગવો ચઢાવી,
વાઈફને કહી પણ નાંખે કે,
'ભીક્ષાન્ દેહિ મૈયા..!'
તારા કપાળમાં કાંદા ફોડું..!

- આ લેખમાં પ્રગટ થયેલા વિચારો લેખકના પોતાના છે.